## દિપમાલા પર્વ : સાબરકાંઠા-અરવલ્લીના શહેરી વિસ્તારો રોશનીથી ઝગમગ્યા

### અનેક વેપારી-ડોક્ટરોએ ધંધાના સ્થળે રોશની કરી, બજારોમાં ધૂમ ઘરાકી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં દિપમાલા પર્વ શરૂ થતાં પ્રજા કોરોના સહિત અન્ય કાલિમાઓને ભૂલી જઈ ઉજવણીના ઉત્સવમાં મશગૂલ બની છે. બંને જિલ્લાઓના શહેરી વિસ્તારોમાં અનેક વેપારી, શોપીંગ મોલ અને ડૉક્ટરોએ ધંધાના સ્થળે રોશની કરી પ્રકાશ પર્વને આવકારી રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોનાના કારણે ધંધા રોજગાર માટે એક નવા બૂસ્ટર ડોઝની જરૂર હતી તેવા સમયે નવરાત્રિ અને ત્યાર પછી દિપમાલા પર્વ આવતાં પ્રજા-વેપારીઓ તમામ નિરાશા ખંખેરી નવા ઉત્સાહ અને જોમ સાથે પર્વાધિરાજ પર્વની ઉજવણીમાં જોડાયા છે. ઘેર-ઘેર રંગોળી, દિપમાલાની હારમાળા, રોશનીનો ઝગમગાટ ગતરોજથી જોવ મળ્યો છે. ફટાકડાની આતશબાજીથી ભલે પ્રદુષણ ફેલાતું હોય પરંતુ પ્રજા ફટાકડા ફોડીને સંલગ્ન ધંધાને ગતિ આપવાની સાથે એકબીજાને યેનકેન પ્રકારે મદદરૂપ થઈ રહી છે. એક તબક્કે ફટાકડા બજારમાં પણ મંદીની દહેશત હતી પરંતુ વાકબારસની સમીસાંજથી ફટાકડા બજારમાં પણ તેજીલી ઘરાકી જોવા મળતાં વેપારીઓ ઉત્સાહિત બન્યા છે. મંગળવારે ધનતેરસના દિવસે પ્રજા દ્વારા શુભ મુહુર્તમાં ધનપૂજા કરી અનેક પરીવારોએ ઘરની લક્ષ્મી ગણાતી સ્ત્રીઓને પણ ભેટ સોગાદ આપી ખુશાલીના ભાગીદાર બનાવ્યાનું જાણવા મળ્યું છે. જિલ્લામાં દિપમાલા પર્વને લઈને પ્રજામાં દેખાયેલો ઉત્સાહ ધંધા-રોજગાર માટે દરેક રીતે બૂસ્ટર ડોઝ સમાન બની રહેશે. અનેક વેપારીઓ બોની થઈ નથી તેવા નિશાસા નાખતા હતા. તેવા વેપારીઓ પણ પાછલાં બે દિવસથી દેખાયેલી ઘરાકીથી ખુશ જોવા મળી રહ્યા છે.

### ઝવેરી, કાપડ, ગારમેન્ટ, મીઠાઈ, ફરસાણ બજારમાં તેજીનો તોખાર

જિલ્લામાં દિપમાલા પર્વને લઈને તમામ નાના-મોટા ધંધા ફરી એકવાર જીવંત બની ગયા છે. ઝવરી, કાપડ, ગારમેન્ટ, ફરસાણ બજારમાં તેજીનો તોખાર જોવા મળ્યો. જ્યારે પગરખાં બજારમાં પણ લાંબા સમય પછી તેજી પાછી આવી છે જ્યારે બ્યુટી પાર્લરો પર પણ છેલ્લા બે દિવસથી હાઉસફુલ જણાઈ રહ્યા છે. એક રીતે દીપમાલા પર્વએ સાચા અર્થમાં તમામ ધંધા-રોજગારને પ્રકાશમય બનાવી દીધા છે.

### ૧૫ કરોડથી વધુના ફટાકડા ફૂટશે

## આવતીકાલે દિવાળી : ઉત્તર ગુજરાતમાં પ્રકાશ પર્વની ઉજવણીનો થનગનાટ દેખાયો

### ઘરનાં આંગણાં રંગોળીથી સજાવાયાં : પર્વની પૂર્વ સંધ્યાએ મીઠાઈ ખરીદવા ઘસારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

પર્વાધિરાજ પર્વ દિપાવલીની આવતીકાલ ગુરુવાર સવારથી ઉત્તર ગુજરાતમાં ભારે હર્ષોલ્લાસથી ઉજવણી કરાશે. દિપાવલીના શુભ દિવસને આવકારવા પૂર્વ સંધ્યાએ અનેક પરિવારોએ ઘરનાં આંગણાં રંગોળીથી સજાવશે. મકાનો રોશનીથી શણગારવામાં આવ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં જે રીતે કરોડો રૂપિયાની કિંમતના ફટાકડાનું વેચાણ થયું છે તે જોતાં પ્રકાશ પર્વમાં ઉત્તર ગુજરાતમાં રૂા.૧૫ કરોડથી પણ વધુના ફટાકડા ફૂટશે જેના કારણે હવામાં પ્રદૂષણ વધવાની દહેશત ઉભી થઈ છે. પ્રકાશ પર્વની પૂર્વ સંધ્યાએ મીઠાઈની દુકાનોમાં ભીડ ઉમટી હતી. જ્યારે કાળીચૌદશની રાત્રે બજારો ઘરાકીથી ઉભરાઈ ગયાં હતાં.

ગુજરાતની સંસ્કૃતિમાં દરેક ઉત્સવોનું અનેક ગણું મહત્વ રહેલું છે અને તેમાંય દિપાવલીના તહેવારોનું ગુજરાતની જેમ જ ઉત્તર ગુજરાતમાં સંયુક્ત કુટુંબની પ્રણાલીના કારણે પર્વનું મહત્વ વધુ મૂલ્યવાન બન્યું છે. છેલ્લા બે દિવસથી તમામ બજારોમાં હાઉસ્ફુલ ઘરાકીથી કરોડોનો વેપાર થતાં કોરોનાના કારણે ખરાબ દિવસો પછી મંદીના માહોલમાં જકડાયેલાં બજારો ફરીથી ચેતનવંતાં બની ગયાં છે. ઝવેરીઓના આશ્ચર્ય વચ્ચે ધનતેરસના દિવસે પ્રજાએ સોના-ચાંદીની અધધ ખરીદી કરી અત્યાર સુધીના તમામ રેકર્ડ તોડી દીધા છે. જેના કારણે મોંઘવારી માત્ર બુમરેગ સાબિત થઈ છે. બીજી તરફ તહેવારો સમયે સોનાના ભાવ ઉંચકાયા છતાં ખરીદીમાં ઉછાળો આવ્યો છે. દિપાવલીની સવારથી પ્રજા પ્રકાશ પર્વની ઉજવણીમાં જોડાઈ જશે. સવારથી ઉત્તર ગુજરાતમાં ભારે ફટાકડાઓના અવાજથી ધણધણશે અને મોંડી રાત્રિ સુધી કાનના પડદા ફાડી નાખે તેવા ફટાકડાના અવાજને લઈને કેટલાક પ્રજાજનોએ પ્રદૂષણની માત્ર વધવાની દહેશત વ્યક્ત કરી છે અનેક વેપારીઓ અને ઉદ્યોગકારો તેમજ પ્રજાજનો દ્વારા દિપાવલીના દિવસે ચોપડા પૂજનના કાર્યક્રમો શુભ મુહૂર્તમાં આયોજીત કર્યા છે. અનેક વેપારીઓ બેસતા વર્ષનું મુહૂર્ત સાચવી લાભ પાંચમ સુધી નિરાંતની પળો માણવા સહપરિવાર અને મિત્રો સાથે સહેલગાહે ઉપડી જવાના પ્લાન બનાવતાં બપોર પછી બજારો મોટા ભાગે બંધ રહે તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે. દિપાવલી પર્વની શુભકામનાઓના ભાગરૂપે મીઠાઈ બજારમાં પણ બમ્પર ઘરાકી કાળીચૌદશના દિવસથી જોવા મળી હતી. જ્યાં એકબીજાને મીઠાઈ ભેટ આપવા માટે પ્રજામાં હોડ જામી છે અને કંદોઈ દ્વારા ગ્રાહકોને આકર્ષક મીઠાઈ બોક્સ માટેની મફત સેવાઓ ઉપલબ્ધ કર્યાનું જાણવા મળ્યું છે.

### રાત્રે ૧૦ વાગ્યા પછી ફટાકડા ફોડ્યા તો જેલમાં જવાની તૈયારી રાખજો

#### જાહેરનામાનો અમલ કરાવવો અત્યંત કઠીન, તંત્ર દારૂખાનાના વેચાણમાં અમલ કરાવી શકતું નથી..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

સુપ્રિમ કોર્ટના આદેશ પછી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પણ દિવાળીના તહેવારો દરમ્યાન રાત્રે ૮-૦૦ થી ૧૦-૦૦ દરમ્યાન જ ફટાકડા ફોડી શકાશે. જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને જેલમાં જવાની તૈયારી રાખવી પડશે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા કલેક્ટરે જાહેરનામું તો બહાર પાડ્યું પરંતુ અમલ કરાવવો અત્યંત કઠીન છે. તંત્રએ દારૂખાનાના વેચાણમાં આદર્શ આચારસંહિતનો અમલ કરવાની સૂચના આપી હતી પરંતુ તંત્ર ખુદ તેનો અમલ કરાવી શક્યું નથી. માંડ ૯૦૦ વેપારીઓ ઉપર તંત્ર વોચ ન રાખી શકતું હોય તે ૨૬ લાખની જનમેદની ઉપર કેવી રીતે વોચ રાખી શકશે..??

સુપ્રિમ કોર્ટના આદેશના પગલે બંને જિલ્લાના સમાહર્તા દ્વારા જાહેરનામું બહાર પાડ્યું છે જે અનુસાર રાત્રે ૮-૦૦ થી ૧૦-૦૦ જ ફટાકડા ફોડી શકાય. સીરીજમાં જોડાયેલા ફટાકડાથી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા થતી હોવાથી તે રાખી શકાશે નહીં, ફોડી શકાશે નહીં કે વેચાણ કરી શકાશે નહીં. હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક કેન્દ્રો, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજ્યાને સાઈલેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યો છે ત્યાં ફટાકડા ફોડવાની સદંતર પાબંધી લગાવવામાં આવી છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર અધિકારીઓએ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૨૯ મુજબ ફરિયાદ મળવા માટે અધિકૃત કરી દેવામાં આવ્યા છે જેના કારણે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના તમામ પોલિસ સ્ટેશનની હદમાં કાયદાનો અમલ કરાવાની પોલિસની જવાબદારી આવી ગઈ છે.

### દિપાવલીનું પર્વ : ઈમરજન્સી-૧૦૮ને ઉત્તર ગુજરાતમાં તૈનાત કરાઈ

બાયડ : દિપાવલીના તહેવારો શરૂ થયા છે આજે કાળી ચૌદશ, આવતી કાલે પ્રકાશ પર્વ તરીકે ઉજવાતા દિપાવલીની ઉત્તર ગુજરાતની સવા કરોડ પ્રજા ઉજવણી કરશે. દિપાવલીના દિવસે ફટાકડાની આતશબાજીથી રાત્રિનો અંધકાર અજવાળામાં પલ્ટાશે સાથે દાઝી જવાના કેસમાં પણ વધારો થવાની દહેશતના પગલે ઉત્તર ગુજરાતમાં ઈમરજન્સી-૧૦૮ને વધુ સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી છે. ઉત્તર ગુજરાતમાં દિપાવલીના પર્વ દરમ્યાન દાઝી જવાના કેસમાં દર વર્ષે વધારો થઈ રહ્યો છે. દિવાળી થી ભાઈબીજ સુધી ઈમરજન્સી-૧૦૮ ને વધુ એલર્ટ મોડ ઉપર મૂકવામાં આવી છે.



દિવાળીને લઈને અમદાવાદના પૂર્વ વિસ્તારના બજારોમાં ખરીદી માટે લોકોની ભીડ ઉમટી પડી હતી.

## દિવાળી પર્વ નિમિત્તે ૩થી ૯ નવેમ્બરે ડોક્ટર ઓન કોલ સેવા

### એએમએ અને એએફપીએ દ્વારા સેવા યજ્ઞ : સેવામાં બંને એસોસિએશન દ્વારા ઈએમઆરઆઈ ૧૦૮ અને હોસ્પિટલો સાથે પણ સરળ સંકલન સાધવામાં આવ્યું

અમદાવાદ, તા.૨

દિવાળીનાં તહેવારોને ધ્યાનમાં રાખીને અમદાવાદ મેડિકલ એસોસિએશન (એએમએ) અને અમદાવાદ ફેમિલી ફિઝિશિયન એસોસિએશન (એએફપીએ) દ્વારા સતત ૧૨ મા વર્ષે દર્દીઓ માટે તા. ૩ નવેમ્બ્ર થી તા. ૯ નવેમ્બ ર ૨૦૨૧ દરમિયાન ડોક્ટર ઓન કોલની સેવા રજૂ કરવામાં આવી છે. દર્દીઓ માટે આશિર્વાદરૂપ પૂરવાર થયેલી આ સેવામાં બંને એસો દ્વારા ઈએમઆરઆઈ ૧૦૮ અને હોસ્પિટલો સાથે પણ સરળ સંકલન સાધવામાં આવ્યું છે. એએમએ દ્વારા આ ઉપરાંત દિવાળીનાં તહેવારોમાં કાર્યરત ડોક્ટરોનું વોટસ એપ ગ્રુપ બનાવવામાં આવ્યું છે અને ડોક્ટરોની યાદી તેમજ એરિયા કો-ઓર્ડિનેટરોનાં નંબરો પણ પૂરા પાડવામાં આવ્યા છે. આ અંગે વધુ માહિતી આપતા અમદાવાદ મેડિકલ એસોસિએશનનાં પ્રેસિડેન્ટ ડો. દિલીપ ગઢવીએ જણાવ્યું હતું કે, 'દિવાળીનાં તહેવારોમાં મર્યાદિત ડોકટરો ઉપલબ્ધ હોવાને લીધે દર્દીઓએ ઘણું સહન કરવું પડતુ હોય છે. દર્દીઓને અગવડો ના પડે અને સમાજને મદદરૂપ થવાય તેવી ભાવનાથી અમદાવાદ મેડિકલ એસોસિએશન (એએમએ) અને અમદાવાદ ફેમિલી ફિઝિશિયન એસોસિએશન (એએફપીએ) દ્વારા છેલ્લા ૧૨ વર્ષથી ડોક્ટર ઓન કોલ દિવાળી સેવાનું આયોજન કરવામાં આવે છે. ડો. દિલીપ ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે, "છેલ્લાવ દોઢ વર્ષથી આપણે સૌ કોરોના રોગચાળામાંથી પસાર થઈ રહ્યા છીએ. ઈન્વેસ્ટીગેશન અને ટ્રીટમેન્ટાની વધારે સારી સુવિધાઓ માટે સમગ્ર તબીબી સમુદાય કાર્ય કરી રહ્યો છે. કોરોના અંગે જનસમુદાયને માર્ગદર્શન આપવા એએમએ સુસજ્જ છે. તેમણે વધુમાં જણાવ્યું કે, 'આ વર્ષે કોરોના, સ્વાઈન ફ્લુ, ચિકનગુનિયા, કમળો, મેલેરિયા, ડેન્ગ્યુ તેમજ વાયરલ ઈન્ફેકશન વગેરે જેવા રોગોના દર્દીઓની સંખ્યામાં ખૂબ જ વધારો નોંધાયો છે. ડોક્ટર ઓન કોલ દિવાળી સેવાઓ માટે અમે સ્પેશ્યાલિટી અનુસાર હેલ્પલાઈન નંબરો બનાવ્યા છે.

## જિલ્લામાં આજે કાળી ચૌદશની ઉજવણી : હનુમાન મંદિરો ભક્તોથી ઉભરાઈ જશે

### તાંત્રિકોએ સ્મશાન ગૃહ ભણી પ્રયાણ કર્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

સંકટ મોચન હનુમાનદાદાની પૂજાનું કાળીચૌદશના દિવસે ખાસ મહત્વ રહેલું છે. આજે બુધવારે જિલ્લાના પ્રજાજનો કાળીચૌદશની ઉજવણી કરશે અને સમી સાંજે હનુમાન મંદિરે પહોંચી સ્તુતિ સહિત ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લેશે. જિલ્લાના ખ્યાતિ પ્રાપ્ત હનુમાન મંદિરો રોશનીથી સજાવાયા છે. જ્યારે કાળીચૌદશના દિવસે સાધનાનું મહત્વ હોવાનું માની તાંત્રિકો સ્મશાનમાં ગુઢ વિદ્યા માટે પ્રયાણ કરશે. જો કે વિજ્ઞાન જાથા આવા પાખંડીઓ સામે શું કાર્યવાહી કરે છે તેના ઉપર પ્રજાની મીટ મંડાઈ છે.



પર્વતોમાં હિમાલય, ફળોમાં કેરી, મહિનાઓમાં શ્રાવણ, નદીઓમાં ગંગા, ઋતુઓમાં વસંત, ગ્રહોમાં પૃથ્વી, ભોજનમાં લાડુ, પ્રાણીઓમાં મનુષ્ય અને પર્વોમાં દિપાવલી સર્વોત્તમ ગણાય છે. તે જ રીતે દિપાવલીના એક દિવસ અગાઉ આવતી કાળી ચૌદશનું પણ આગવું મહત્વ હોવાથી તાંત્રિકો પરંપરાગત રીતે સ્મશાનોમાં જઈ તાંત્રિક ટૂચકા કરતા હોય છે. જ્યારે દેવી સાધકો માટે પણ કાળી ચૌદશ મહત્વની હોવાથી આ દિવસે સાધકો સાધનામાં લીન થઈ જતા હોય છે. જિલ્લામાં આજે કાળી ચૌદશની રાત્રે સ્મશાનોમાં તાંત્રિકો સાધના કરનાર હોવાનું જાણવા મળ્યું છે. તંત્ર માર્ગના સાધકો આજે સ્મશાનોમાં પોતાની સાધનામાં લીન થઈ જઈ શિવ સાથે એકાતત્મા સાધવાનો પ્રયાસ કરતા હોય છે જ્યારે કાળી ચૌદશે હનુમાનજીની પૂંજાનું વિશેષ મહત્વ હોવાથી આજના દિવસે હનુમાનજી મંદિરોમાં ભક્તોનો મોટો પ્રવાહ ઉમટી પડનારો હોવાથી કેટલાક પ્રસિદ્ધ હનુમાન મંદિરોમાં કાળી ચૌદશની મેશ આંજવાના વિશેષ પ્રબંધ અગાઉથી જ ઉભા કરાયા છે. આ દિવસો હનુમાનજીની પૂંજા ખાસ કરીને શનિની પીડામાંથી રાહત આપનારી બની રહેતી હોવાથી શનિથી પીડાતા વ્યક્તિઓ કાળીચૌદશની રાત્રે હનુમાનજીનો તેલ ચઢાવી પૂજા અર્ચન કરતા હોય છે. જિલ્લાના બોરણા નજીકના કંટાળુ હનુમાન, વક્તાપુર નજીકના સંકટ મોચન હનુમાન, બાયડના હનુમાન મંદિરો, સવેલાનું હનુમાન મંદિર, અલાણાનું હનુમાન મંદિર, રહીયોલ હનુમાન મંદિર તથા સાકરીયાના મારૂતી નંદન મંદિર ખાતે વહેલી સવારથી જ અંજની પુત્ર હનુમાનજીની સાધકો દ્વારા ઉપાસનાની સાથે વિશેષ પૂજાના આયોજન હાથ ધરાયા છે. આ ઉપરાંત કેટલાક વિસ્તારોમાં ભૈરવ મંદિરોમાં પણ વિશેષ પૂંજાના આયોજનો હાથ ધરાયા છે જો કે જિલ્લામાં કાળી ચૌદશ અંગે અનેક ગેરમાન્યતાઓ પ્રવર્તતિ હોવાથી રાત્રિના સમયે ભાગ્યે જ કોઈ વ્યક્તિ ગામના ચોરા સુધી ફરકતી હોય છે. જિલ્લામાં કાળી ચૌદશની રાત્રે ઘરમાંથી કકળાટ કાઢવાની માન્યતા વર્ષોથી ચાલી આવી હોવાથી અસંખ્ય લોકો આજની રાતે મહોલ્લા, ફળીયા અને ગામના ચાર રસ્તા ઉપર કુંડાળુ કરી કકળાટનાં વડાં તથા પૂરીઓ કુંડાળામાં મૂકી આવશે. આ પ્રણાલીકા વર્ષોથી ચાલી આવી હોવાથી કુંડાળામાં પગ ન પડી જાય તે માટે કાળી ચૌદશની રાતે ભાગ્યે જ કોઈ ઘરની બહાર નિકળતું હોય છે.

### રાજ્યના તાલુકામાં અનેક વિચિત્ર ગામો

## કઠોળ, શાકભાજી, પ્રાણી, વિવિધ જ્ઞાતિ અને ખાવાની ચીજવસ્તુઓ ઉપર વિચિત્ર નામ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

છેલ્લા કેટલાક સમયથી રાજયના અનેક શહેરો અને ગામોના નામ બદલવા મુદ્દે ચુંટણી આવે તે અગાઉ ધમસાણ મચતું હોય છે ત્યારે રાજયમાં અનેક ગામોના નામ એવા છે કે વિચિત્ર લાગે આવા રાજ્યના તાલુકાઓના ગામો ઉપર નજર કરીએ તો ..

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | અમીરગઢ | કપાસીયા | ગાંધીનગર/હાલોલ | ભાટ |
| | | નાંદોદ | ગુવાર, રીંગણી | દિયોદર | સોની |
| | | ખંભાળીયા | ભીંડી | રાપર | રાઈ |
| | | મોરબી | પીલુડી | હારીજ/સમી | કાઠી |
| | | મૂળી | મૂળી | છોટાઉદેરપુર | કોડી |
| | | ડેડીયાપાડા | કોકમ, લાડવા | મહેસાણા | બારોટ |
| | | લખતર | સાકર | હિંમતનગર | માલી |
| | | ભૂજ | ઢાંસા | માંડવી | લુહારવાડ |
| | | ઠંકારા/ધ્રોલ | ખાખરા | ધંધુકા/સાવલી | રાયકા |
| તાલુકો | ગામ | છોટાઉદેપુર | ગાંઠીયા | માંડવી | સુથારવાડ |
| ખેડબ્રહ્મા | તુવેર | દિયોદર | ચીભડા | ભૂજ | બળદીયા |
| દસક્રોઈ | ભાત | મહુવા | ગોરસ | કેશોદ | ટીંટોડી |
| વઢવાણ | રાઈ | ઠાસરા | મલાઈ | થરાદ | દિપડા |
| નખત્રાણા | તલ | બોરસ | દિવેલ | દાંતા | રીછડી |
| ધારી | જીરા | માંડવી/મનાદર | શેરડી | ઓલપાડ/શહેરા | મોર |
| મોડાસા | મઠ | શંખેડા/લુણાવાડ | અરીઠા | દ્વારકા | હાથી/હાથણી |
| મોરવા | આલુ | વાવ | ભાખરી | કપરાડા | ધામણ |

## બેસતા વષે અંબાજીમાં સવારે ૬ વાગે આરતી

### બેસતા વર્ષે બપોરે ૧૨ વાગે રાજભોગ યોજાશે : અન્નકૂટ આરતી બપોરે ૧૨.૧૫ વાગે યોજાશે, બેસતા વર્ષના દિવસે ભાવિક ભક્તો ૪.૧૫ સુધી દર્શન કરી શકશે

પાલનપુર,તા.૧

દિવાળીનો માહોલ જામ્યો છે. ત્યારે કેટલાંક લોકો ધાર્મિક સ્થળની મુલાકાત લેવાનું પસંદ કરતા હોય છે. ખાસ કરીને ગુજરાતીઓ અંબાજી ધામના દર્શન કરવાનું પસંદ કરતા હોય છે. ત્યારે અંબાજી મંદિરે જતા દર્શનાર્થીઓ માટે એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. દિવાળીના તહેવારને લઈને અંબાજી ટ્રસ્ટ દ્વારા મહત્વના સમાચાર સામે આવ્યા છે. મંદિરની આરતી અને દર્શનના સમયમાં કેટલાંક ફેરફાર કરવામા આવ્યા છે. આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટે એક અખબારી યાદી બહાર પાડી છે. આ અખબારી યાદીમાં જણાવ્યું છે કે, દિવાળીના તહેવારો હોવાથી બેસતા વર્ષથી લાભ પાંચમ સુધી મંદિરની આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અંબાજી ધામે દર્શન કરતા આવતા શ્રદ્ધાળુઓની સગવડ માટે આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. કારણ કે આ સમયગાળા દરમિયા હજારો-લાખો ભક્તો દર્શન કરવા માટે આવતા હોય છે. ટ્રસ્ટે જાહેર કરેલી યાદી મુજબ, આગામી ૫ નવેમ્બર એટલે કે બેસતા વર્ષના દિવસે મંદિરમાં સવારે ૬ વાગે આરતી યોજાશે. આરતી ૬.૩૦ વાગે પૂર્ણ થયા બાદ ભાવિક ભક્તો માટે મંદિરના દર્શન ખુલ્લા મૂકાશે. આ સિવાય બેસતા વર્ષે બપોરે ૧૨ વાગે રાજભોગ યોજાશે. એ પછી અન્નકૂટ આરતી બપોરે ૧૨.૧૫ વાગે યોજાશે. ૧૨.૩૦ વાગે અન્નકૂટ આરતી પૂર્ણ થયા બાદ ભક્તો માટે દર્શન ખુલ્લા મૂકાશે. જે ૪.૧૫ વાગ્યા સુધી દર્શન કરી શકાશે. પછી સાંજના સમયે ૬.૩૦ વાગે આરતી યોજાશે. એ પછી ભક્તો માટે મંદિર ૭ વાગ્યાથી રાતના ૧૧ વાગ્યા સુધી દર્શન માટે ખૂલ્લુ મૂકાશે. એ પછી ૬ નવેમ્બર એટલે કે ભાઈબીજના દિવસે સવારે ૬.૩૦ વાગે આરતી યોજાશે. સવારે ૭થી ૧૧.૩૦ વાગ્યા સુધી ભક્તો દર્શન કરી શકશે. બપોરે ૧૨ વાગે રાજભોગ યોજાશે. ૧૨.૩૦થી ૪.૧૫ સુધી મંદિરના દર્શન કરી શકાશે. સાંજે ૬.૩૦ વાગે ફરી મંદિરમાં આરતી યોજાશે.